સંપૂર્ણ વિશ્વાસ રાખે એ જ વ્યક્તિ સંપૂર્ણ વફાદારીની માંગણી કરી શકે
- સ્પેનીશ કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૪ | ૨૪ જૂન, ૨૦૧૩, સોમવાર; જયેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં પેયજળની ગુણવત્તા ગંભીર

## ૪૦ ગામના પાણીના નમૂના બેક્ટરોલોજીકલ ટેસ્ટમાં નાપાસ થયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ૨૦૦થી વધારે ગામોના ચોમાસા પૂર્વે પેયજળના સ્ત્રોતોમાંથી લેવાયેલી નમૂનાઓ પૈકી ૪૦ ગામના સ્ત્રોત બેક્ટરોલોજી ટેસ્ટમાં નાપાસ થતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં એક તરફ પાણીજન્ય રોગચાળો ધીમીગતિએ માથુ ઉંચકી રહ્યો છે તો બીજી તરફ ૪૦ ગામના નમૂના બેક્ટરોલોજીકલ ટેસ્ટમાં નાપાસ થતાં તંત્રએ મોન્સુન પ્લાનના અસરકારક અમલીકરણ અંગેની આખી નવી વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

જિલ્લામાં ચોમાસા પૂર્વે દર વર્ષે પાણીના સ્ત્રોતોની ચકાસણી કરવામાં આવી છે. આ વખતે બેક્ટરોલોજીકલ ટેસ્ટ પણ કરાયો છે. જેમાં આ ચોંકાવનારા તારણો મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે જે ગામોના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે તેમાં દહેગામ તાલુકાના ગામો વધુ છે જ્યારે આ પછી બીજા ક્રમે ગાંધીનગર તાલુકો આવે છે.

પાણીના પૃથ્થકરણીય પરિણામોની વિગતો પ્રાપ્ત થઈ શકી નથી. આ માટે ૫૦૦ જેટલા નમૂના લેવામાં આવ્યા છે અને તેનું એનાલીટીકલ કામગીરી હાલ ચાલુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ૧૨૦ જેટલા ગામોએ તો નર્મદાનું પાણી લેવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. ગત વર્ષે વરસાદ ઓછો પડ્યો હોવા ઉપરાંત ભૂગર્ભમાંથી પેયજળના વધુ પડતા ખેંચાણને કારણે જિલ્લાના ૧૭૮ જેટલા ગામોની પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ તો હતો જ હવે તંત્રની ચિંતામાં વધારો થયો છે કે ૪૦ જેટલા ગામોના નમૂના બેક્ટરોલોજીકલ ટેસ્ટમાં પણ નાપાસ થયા છે.

જિલ્લાતંત્ર ગ્રામ્ય વિસ્તારમાં નર્મદાના પાણી માટે ખાસ અભિયાન હાથ ધરવાનું વિચારી રહેલ છે. તેમજ શાળાઓમાં પણ હવે યુવી પ્લાસ્ટ, આર.ઓ. પ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેમજ ગ્રામ્ય સ્તરે પણ પેયજળના ક્લોરીનેશન માટેનો આગ્રહ અસરકારક બનાવવામાં આવ્યો છે.



વટસાવિત્રીનું વ્રત :- ભારતીય સંસ્કૃતિની પરંપરામાં પતિને પરમેશ્વર માનવાની વિભાવના સંકળાયેલી છે. રવિવારે પૂનમના પાવન દિવસે વટસાવિત્રીનું વ્રત કરતી નારી શક્તિ પતિના આયુષ્ય માટે વડની પૂજા કરે છે અને ભગવાન પાસે પતિના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના પૂજન કરે છે. ગાંધીનગરમાં અનેક સ્થળો ઉપર વડની પૂજન અર્ચન કરતી મહિલાઓની આ તસવીરમાં વડને સુતરના તાંતણેથી પ્રદક્ષિણા કરી પતિના આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.
(તસવીર : નિકેશ બારોટ)

# ગાંધીનગરના નવ યાત્રિકો સલામત સ્થળે

## ઉત્તરાખંડના સૂકી વિસ્તારમાં સેક્ટર-૩ અને ૫ના નવ યાત્રિકો હેમખેમ હર્ષિલ હેલીપેડ ખાતે પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરથી ચારધામની યાત્રાઓ ગયેલા વધુ નવ યાત્રાળુઓ સુકી વિસ્તારમાં સ્થિત હર્ષિલ હેલીપેડ ખાતે હોવાનું જાણવા મળ્યું છે. આ નવ યાત્રાળુઓએ આજે બપોરનું ભોજન પણ ત્યાં લીધુ છે. તેમને લશ્કરના જવાનો દ્વારા હેલિકોપ્ટરનું ટોકન પણ આપી દેવામાં આવ્યું છે. વાતાવરણ યોગ્ય થતાં તેઓને ત્યાંથી નીચે ઉતારી ગુજરાત આવવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

હર્ષિલ હેલીપેડ પહોંચેલા યાત્રાળુઓમાં ચીમનભાઈ સોમાભાઈ પ્રજાપતિ (સેક્ટર-૩), પુષ્પાબેન ચીમનભાઈ પ્રજાપતિ (સેક્ટર-૩), શકરાભાઈ સોમાભાઈ પ્રજાપતિ (સેક્ટર-૫), રગુલાલ નાગરદાસ પ્રજાપતિ (મુબારકપુર), રમીલાબેન રગુલાલ પ્રજાપતિ (મુબારકપુર), મંજુલાબેન શકરાભાઈ પ્રજાપતિ (સેક્ટર-૫), કસ્તુરીબેન ચંદ્રકાંત રાવળ (સેક્ટર-૫-એ) અને દિલીપભાઈ પટેલનો સમાવેશ થાય છે.

# પાંદડા પર પડતા પાણીના ટીપાં એકત્ર કરી પીધા...!!

## રામવાડીમાંથી અમે મહાકાળનું મહાતાંડવ નજરે જોયું છે... ઘસમસતા પાણીમાં અમે વૃક્ષના સહારે ટોચ પર પહોંચ્યા હતા... : મહેશભાઈ મેવાડા

ગાંધીનગર, તા. ૨૩

'કેદારનાથમાં મહાકાળનું મહાતાંડવ અમે નજરે જોયું છે. અમે ભૂખની વિકરાળતા પણ જોઈ અને વૃક્ષના પાન પર પડતા વરસાદના પાણીને પી અમે ચાર દિવસ પસાર કર્યા છે તે અમારા સ્મરણપટમાંથી ક્યારેય જશે નહિ.'

ઉપરોક્ત શબ્દો પાટનગર યોજનામાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર તરીકે ફરજો બજાવતા શ્રી મહેશભાઈ મેવાડાએ આજે શાંતિકુંજ ખાતેથી અમારા પ્રતિનિધિ સાથેની ટેલિફોનિક વાતચીતમાં કહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે અમે વૃક્ષના સહારે રામવાડી ખાતે નિષ્પલક રાતો વિતાવી હતી. ભૂખ લાગી હતી પણ ખાવુ શું. અમે કેદાર ચડવાના હતા એટલે આગળના દિવસે પણ ભૂખ્યા રહ્યા હતા. ૧૫મીની સાંજથી શરૂ થયેલા વરસાદે જે તેનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું તેનું વર્ણન શબ્દોમાં કરવુ અઘરૂ છે.

મહેશભાઈએ જણાવ્યું હતું

● અનુસંધાન પાના-૭ પર



રથયાત્રાના પૂર્વે યોજાયેલી જળયાત્રામાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પરંપરાગત પૂજન અર્ચન સાથે જળયાત્રા યોજાઈ હતી.

# રાજ્યના મુખ્યમંત્રી પણ ગુજરાતના યાત્રીકોને પરત લઈ આવ્યા

સમગ્ર દેશને હચમચાવી દેનાર ઉત્તરાખંડની દુર્ઘટનાની મુલાકાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગયા હતા. તેમણે સર્વ જગ્યાની મુલાકાત લઈને પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. તેઓની ફ્લાઈટ પરત ગુજરાત આવવાની હતી ત્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ફસાયેલા ગુજરાતના યાત્રીકોને પોતાની સાથે લઈ આવ્યા હતા. જેઓનું ઉડાણ જેથી થયું હતું. તેવા આગળ રોકાયેલા અને પરિસ્થિતિ જોઈને ગભરાઈ ગયેલી જગદીશ સ્ટીલના મહેશ પટેલ સાથે ગયેલા અને સેક્ટર-૪માં રહેતા ભરત બી. પટેલના પત્ની ચંદ્રિકાબેન અને તેમના ભાભી પ્રેમીલાબેન પણ ગઈકાલે રાતના ગાંધીનગર પરત આવ્યા હતા.

## ઋષિકેશ-હરદ્વાર વચ્ચે મોબાઈલ-હેલ્થ કેમ્પ શરૂ કરાયો

હરદ્વાર, તા. ૨૩

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના સિનીયર તબીબોની ટીમે આજે હરદ્વારથી ઋષિકેશ વચ્ચે મોબાઈલ સર્વિસીઝ દ્વારા આરોગ્ય સેવાઓનો આરંભ કર્યો છે. આ ટીમે આજે પ્રથમ જ દિવસે આ માર્ગના વિવિધ રાહત કેમ્પો પર ૧૦૦થી વધુ દર્દીઓને તપાસી અને સારવાર આપી હતી.

ડૉ. દિનકર ગોસ્વામી સાથે ગાંધીનગર સમાચારે જયારે વાત કરી ત્યારે તેમણે જણાવ્યું હતું કે દર્દીઓ દ્વારા ખાંસી, શરદી, કફ, થાક સહિત ઘણી બધી ફરિયાદો કરાઈ છે. થોડી ઘણી બી.પી.ની ફરિયાદો પણ મળી હતી. શાંતકુંજ ખાતે પણ સવારે અને સાંજે ઓ.પી.ડી. શરૂ કરી છે તેમાં પણ ૧૫૦ જેટલા પેશન્ટની તપાસ કરી હતી.

# ગુજરાતના કુલ ૫૦૨ વિદ્યાર્થી આઈઆઈટી માટે ક્વૉલીફાઈ

અમદાવાદ, તા. ૨૩

રેકોર્ડ ૫૦૨ ગુજરાતી વિદ્યાર્થીઓ આ વખતે આઈઆઈટીમાં પ્રવેશ લેવા માટે લાયક સાબિત થયા હોવાના અહેવાલ મળ્યા છે. જોઈન્ટ એન્ટ્રેન્સ એક્ઝામીનેશન (જેઈઈ) એડવાન્સના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આ અંગેની માહિતી સપાટી પર આવી છે. ગુજરાતમાંથી આઈઆઈટી અને અન્ય પ્રતિષ્ઠિત એન્જીનીયરિંગ સંસ્થાઓમાં પ્રવેશ માટે ક્વાલીફાઈડ થવામાં રાજ્યમાંથી પ્રથમ વખત આટલી સંખ્યા નોંધાઈ છે.


આ પરીક્ષામાં ગુજરાતના જુદા-જુદા ભાગોમાંથી આશરે ૧૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય શિક્ષણ વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, જેઈઈની પરીક્ષામાં વિદ્યાર્થીઓની ખૂબ જ ઉલ્લેખનીય સફળતા રહી છે. આ અધિકારીઓનું કહેવું છે કે, ગુજરાતના વિદ્યાર્થીઓએ માત્ર જેઈઈની એડવાન્સ પરીક્ષા પાસ જ કરી નથી બલ્કે આ વિદ્યાર્થીઓ પૈકી ઘણાં વિદ્યાર્થીઓ ટોપ રેન્કમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. ગુજરાતમાંથી ૬૯ વિદ્યાર્થીઓ ટોપ ૧૦૦૦ સ્કોરરમાં સામેલ રહ્યા છે. જ્યારે ૪૧ વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ પરીક્ષામાં ૧૦૦૦ અને ૨૦૦૦ના રેન્કમાં છે.








LCD TV
રીપેરીંગ



આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

